# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

૨૩મી એપ્રિલે ગુજરાત કરશે
''મતદાન''

**પરિપત્ર નં. ૧૩૨ તા.૨૯-૩-૧૯**

**(માન્ય શાળા પરિપત્ર નં.૪)**

**તમામ શાળાઓ માટે :-**

**વિષય :-દ્વિતીય સત્રાંત (લેખિત) પરીક્ષા - ૨૦૧૯ બાબત**

આથી તમામ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવામાં આવે છે કે ચાલુ વર્ષે ધો.૩ થી ૮ના વિદ્યાર્થીઓની દ્વિતીય સત્રાંત (લેખિત) પરીક્ષા તા.૦૮-૦૪-૧૯ થી તા.૨૯-૦૪-૧૯ સુધી નીચે જણાવેલ કાર્યક્રમ અનુસાર લેવાની રહેશે.

**દ્વિતીય સત્રાંત (લેખિત) પરીક્ષા-૨૦૧૯નો કાર્યક્રમ**

| ક્રમ | તારીખ | વાર | સમય | ધોરણ | વિષય |
|---|---|---|---|---|---|
| ૧ | ૮-૦૪-૧૯ | સોમવાર | ૭-૧૫ થી ૯-૧૫ | ૩ થી ૫ | ગણિત |
| | | | ૯-૩૦ થી ૧૨-૩૦ | ૬ થી ૮ | ગણિત |
| ૨ | ૯-૦૪-૧૯ | મંગળવાર | ૭-૧૫ થી ૯-૧૫ | ૩ થી ૫ | માતૃભાષા |
| | | | ૯-૩૦ થી ૧૨-૩૦ | ૬ થી ૮ | માતૃભાષા |
| ૩ | ૧૦-૦૪-૧૯ | બુધવાર | ૭-૧૫ થી ૯-૧૫ | ૩ થી ૫ | પર્યાવરણ |
| | | | ૯-૩૦ થી ૧૨-૩૦ | ૬ થી ૮ | વિજ્ઞાન/ વિજ્ઞાન અને ટેકનોલૉજી |
| ૪ | ૧૧-૦૪-૧૯ | ગુરૂવાર | ૭-૧૫ થી ૯-૧૫ | ૪ અને ૫ | અંગ્રેજી |
| | | | ૯-૩૦ થી ૧૨-૩૦ | ૬ થી ૮ | અંગ્રેજી |
| | | | ૭-૧૫ થી ૯-૧૫ | ૩ | પ્રાદેશિક ભાષા |
| ૫ | ૧૨-૦૪-૧૯ | શુક્રવાર | ૭-૧૫ થી ૯-૧૫ | ૪ અને ૫ | હિન્દી |
| | | | ૯-૩૦ થી ૧૨-૩૦ | ૬ થી ૮ | હિન્દી |
| ૬ | ૧૩-૦૪-૧૯ | શનિવાર | ૭-૧૫ થી ૧૦-૧૫ | ૬ થી ૮ | સંસ્કૃત |
| | | | ૭-૧૫ થી ૯-૧૫ | ૪ અને ૫ | પ્રાદેશિક ભાષા |
| ૭ | ૧૫-૦૪-૧૯ | સોમવાર | ૭-૧૫ થી ૧૦-૧૫ | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન |
| | | | ૧૦-૩૦ થી ૧૨-૩૦ | ૬ થી ૮ | પ્રાદેશિક ભાષા |
| ૮ | ૨૬-૦૪-૧૯ | શુક્રવાર | શાળા સમયમાં (વ્યક્તિત્વ વિકાસપત્રક પત્રક-B ) | ૩ થી ૮ | શારીરિક શિક્ષણ |
| ૯ | ૨૭-૦૪-૧૯ | શનિવાર | | ૩ થી ૮ | ચિત્રકલા |
| ૧૦ | ૨૯-૦૪-૧૯ | સોમવાર | | ૩ થી ૮ | સંગીત /કાર્યાનુભવ |

ધો.૩ થી ૮ તમામ માધ્યમમાં સેમિસ્ટર મુજબ નવા પાઠ્યપુસ્તકો અમલમાં હોઈ દ્વિતીય સત્રના પાઠયપુસ્તકના તમામ પ્રકરણ આવરી લેવામાં આવેલ છે. સ્કૂલ બોર્ડ તરફથી છાપેલા પ્રશ્નપત્ર આપવામાં આવશે. જે મેળવી લેવા અલગથી પરિપત્ર કરવામાં આવશે. પરિપત્ર નં.૫૪ તા.૮-૯-૧૧ મુજબ ધો.૧ અને ધો.૨ માટે સત્રાંત પરીક્ષા લેવાની રહેતી નથી. ધો.૧ અને ધો.૨માં સતત મૂલ્યાંકન પદ્ધતિ અમલમાં હોઈ તે અનુસાર મૂલ્યાંકન અને નોંધની પ્રક્રિયા ચાલુ રાખવાની રહેશે.

**દ્વિતીય સત્રાંત પરીક્ષા દરમ્યાન નીચે જણાવેલ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.**

- ધો.૩ થી ૫ના પ્રશ્નપત્રો ૪૦ ગુણના અને ધો.૬ થી ૮ના તમામ માધ્યમનાં પ્રશ્નપત્રો ૮૦ ગુણના રહેશે. જેમાં બહુવિકલ્પ ટૂંકા પ્રશ્નો તથા નિબંધ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થાય છે.
- વર્ષાન્તે ધો.૪ હિન્દી અને અંગ્રેજી વિષયની લેખિત કસોટી ૪૦ ગુણની લેવાશે.ગણિત વિષયની પરીક્ષા વખતે વિદ્યાર્થીઓ કંપાસ બોક્ષ સાથે લઈને આવે તેવી સૂચના આપવાની રહેશે.
- ધો. ૫ ગુજરાતી માધ્યમ તેમજ ધો. ૬ થી ૮ના તમામ માધ્યમમાં જવાબ લખવા માટે અલગ જવાબવહીઓ સ્કૂલ બોર્ડ દ્વારા આપવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓએ પેનથી જ જવાબ લખવાના રહેશે(પેન્સિલથી નહિ) વિદ્યાર્થીઓએ જવાબવહી બહારથી ખરીદીને લાવવાની રહેતી નથી. તે અંગેની સૂચના વિદ્યાર્થીઓને પ્રથમથી જ આપવી.
- ધો.૩ અને ૪ ગુજરાતી માધ્યમના તમામ વિષયોના પ્રશ્નપત્રમાં જવાબ માટે જગ્યા રાખવામાં આવશે. ધો.૩ થી ૫ ઈતર માધ્યમના તમામ વિષયોના પ્રશ્નપત્રમાં તેમજ ધો.૩ થી ૮ ઇતર માધ્યમના પ્રાદેશિક ભાષાના પ્રશ્નપત્રોમાં પણ જવાબ માટે જગ્યા રાખવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓને અલગથી જવાબવહીઓ આપવાની રહેતી નથી. તે અંગે તથા પ્રશ્નપત્રમાં જ જવાબ લખવાની સૂચના વિદ્યાર્થીઓને અચૂક આપવી.
- ગુજરાતી માધ્યમમાં **સામાજિક વિજ્ઞાનની** પરીક્ષા વખતે ઉત્તરવહીની સાથે ધો.૬માં **ગુજરાત**, ધો.૭માં **ભારત** અને ધો.૮માં A-4 સાઈઝનો **દુનિયાનો રેખાંકિત નકશો** દરેક વિદ્યાર્થીઓને આપવાનો થાય છે તેમજ **ગણિત વિષયની** પરીક્ષા (ગુજરાતી માધ્યમ)વખતે ધો.૭ અને ધો.૮માં ઉત્તરવહીની સાથે A-4 સાઈઝના **આલેખપત્ર** આપવાના થાય છે માટે આપની શાળાના ધો. ૬ થી ૮ની વિદ્યાર્થી સંખ્યા મુજબ **ગુજરાત, ભારત અને દુનિયાના** A-4 સાઈઝના રેખાંકિત **નકશા** તેમજ ધો.૭ અને ધો.૮ની વિદ્યાર્થી સંખ્યા મુજબ A-4 સાઈઝના **આલેખપત્ર** શાળા કક્ષાએથી અગાઉથી ખરીદી પરીક્ષા સમયે વિદ્યાર્થીઓને આપવાના રહેશે. આનો ખર્ચ સંયુક્ત શાળા ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે. વિદ્યાર્થીઓ પાસેથી આ અંગે કોઈપણ નાણાં લેવાના રહેશે નહિ.
- શારીરિક શિક્ષણ, ચિત્રકળા તેમજ સંગીત/ કાર્યાનુભવની કસોટી પરીક્ષાના કાર્યક્રમમાં દર્શાવેલ તારીખોમાં શાળા સમયમાં લેવાની રહેશે.
- પરીક્ષાના કાર્યક્રમ, સમયપાલન અને પૂરતી તૈયારી અંગેની સૂચના વિદ્યાર્થીઓને આપવી. શાળા ઑફિસની બહાર બ્લેક બોર્ડ પર મોટા અક્ષરે વાંચી શકાય તે રીતે પરીક્ષાનો કાર્યક્રમ દર્શાવવો.
- પરીક્ષા દરમ્યાનની વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા એ રીતે ગોઠવવી કે જેથી એક જ ધોરણના વિદ્યાર્થી પાસ-પાસે ન આવે. બેઠક વ્યવસ્થાનો ચાર્ટ બીટ સુપરવાઈઝર પાસે મંજૂર કરાવી દરેક ઓરડામાં કયા ધોરણના અને કયા નંબરના વિદ્યાર્થીઓ બેસવાના છે તેની નોંધ જે તે ઓરડાના કા.પા. પર કરવી તેમજ જે તે ઓરડાના બારણા પર પણ દર્શાવવી.
- દ્વિતીય સત્રાંત પરીક્ષા દરમ્યાન જે તે શાળામાં દર પાંચ બ્લોકદીઠ (પરીક્ષાખંડ દીઠ) અન્ય શાળાના એક શિક્ષકને નિરીક્ષકની કામગીરી સોંપવાની રહેશે. સામાન્ય સંજોગોમાં નિરીક્ષકોની ફેરબદલી કરતી વખતે પગાર કેન્દ્ર બહાર શિક્ષકોને ન જવું પડે તેવી વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં સુપરવાઇઝરોની ફેરબદલ અરસ-પરસ ન થાય તેની કાળજી રાખવાની રહેશે.
- દ્વિતીય સત્રાંત પરીક્ષાની જવાબવહીઓનું બાહ્ય મૂલ્યાંકન કરાવવાનું રહેશે એટલે કે જે તે શાળાના શિક્ષકના બદલે અન્ય શાળાના તે ધોરણ / વિષય ભણાવતા શિક્ષક દ્વારા લેખિત હુકમ કરી મૂલ્યાંકનની કામગીરી સોંપવાની રહેશે. ઉ.દા. તરીકે નીચે મુજબ ફાળવણી કરવી.
  - ❖ કોઇ "એ" શાળામાં ધો-૩ થી ૮ના વિદ્યાર્થી છે અને ધો-૩ના ગણિત, ગુજરાતી અને પર્યાવરણ ત્રણ વિષય છે તો ધો-૩નો ગુજરાતી વિષય "બી" શાળાના શિક્ષકને, ગણિત વિષય "સી" શાળાના શિક્ષકને અને પર્યાવરણ વિષય "ડી" શાળાના શિક્ષકને મૂલ્યાંકન માટે આપવો. આજ રીતે અન્ય ધોરણના વિષય પણ અલગ અલગ શાળાના શિક્ષકોને ફાળવવા.

- પરીક્ષા સમય પહેલાં કાર્યક્રમ પ્રમાણે જે તે વિષયના પ્રશ્નપત્રો મળેલ છે તે મુખ્ય શિક્ષકશ્રીએ ચેક કરી લેવું. મુદ્રણદોષવાળા કે કોરા પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓને અપાય નહિ તે પ્રશ્નપત્ર વિતરણ સમયે ખાસ જોઈ લેવું.
- શૈક્ષણિક વર્ષ દરમ્યાન શાળાનો સમય ગમે તે હોય તો પણ પરીક્ષા ઉપરોકત કાર્યક્રમ પ્રમાણે જ લેવી અને જે તે ધોરણના વિદ્યાર્થીઓને તે પ્રમાણે પરીક્ષા માટે બોલાવવા.
- ઉત્તરવહીઓની સોંપણી પરીક્ષા પૂર્ણ થયે તે દિવસે અથવા મોડામાં મોડા બીજા દિવસે સબંધિત મૂલ્યાંકનકારને પહોંચાડવાની જવાબદારી જે તે શાળાના મુખ્ય શિક્ષકની રહેશે.
- ઉત્તરવહીઓની ચકાસણી કરનાર મૂલ્યાંકનકારે ઉત્તરવહી મળ્યેથી વધુમાં વધુ ત્રણ દિવસમાં ઉત્તરવહીઓની યોગ્ય અને પારદર્શી રીતે ચકાસણી કરી સબંધિત શાળાના મુખ્ય શિક્ષકને પહોંચાડી દેવાની રહેશે. સમયમર્યાદામાં ઉત્તરવહીઓની ચકાસણી થાય, કોઇ ઉત્તરવહી ગૂમ ન થાય તેની કાળજી લેવાની રહેશે.

આ પરિણામની ઓનલાઇન ડેટા એન્ટ્રી કરવાની રહેશે. તે માટેનો કાર્યક્રમ અને તેની વિગતવાર સૂચનાઓ સમગ્ર શિક્ષા અભિયાન મારફતે અલગથી આપવામાં આવશે. જેનું ચુસ્તપણે પાલન કરી સમયમર્યાદામાં ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

તા.  -૩-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ<br>
શાસનાધિકારી